ગાંધીનગર સમાચાર

# યુવા બુદ્ધિધન દેશની સૌથી મોટી સંપદા છે : પિલ્લાઈ



ગાંધીનગર, તા. ૧૬. વિકાસ પામતા રાષ્ટ્રોમાં ભારત સૌથી અગ્રેસર છે અને આગામી દિવસોમાં પણ તે તેની યુવાશક્તિના બળે વિશ્વ ગુરૂ બનવા તરફ ડગ માંડી રહેલ છે. તેની પાસે યુવા બુદ્ધિધન એ તેની સૌથી મોટી સંપદા છે.

આ શબ્દો ઈસરો બેંગ્લુરૂના



ડૉ. શિવાન્યુ પિલ્લાઈએ ગાંધીનગરની વિશ્વ પ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થા ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનના ૧૨મા પદવીદાન સમારોહમાં દીક્ષાંત પ્રવચન દરમ્યાન ઉચ્ચાર્યા હતા.

તેમણે જણાવ્યુ કે અગ્નિ મિસાઈલના પરિણામો આપણા માટે પ્રેરણારૂપ છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે આપણે નિષ્ઠાથી ખંતપૂર્વકની મહેનત કરી સફળતાને વરવા માટે તમામ શક્તિઓ અને પદ્ધતિઓને કામે લગાડીશુ તો સફળતા મળશે જ તેમાં કોઈ શક નથી.

તેમણે જણાવ્યુ હતુ કે તકનીકી વિજ્ઞાનની નવી દિશાઓનો વ્યાપ ઘણો વિશાળ છે તે વાત ભુલવી જોઈએ નહિ. ૨૦મી સદીમાં ઘણા બધા દેશોએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે વિજ્ઞાન અને પ્રાદ્યૌગિકીના સમન્વય થકી દેશના આર્થિક વિકાસને વધુ ગતિશીલ બનાવી શકાય છે.

પ્રૌરંભમાં સંસ્થાના ડાયરેક્ટર પ્રોફે. આર નાગરાજે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાના ઉદયથી આજ સુધીમાં મેળવેલી સફળતાનો ઉલ્લેખ કરી પ્રગતિની રૂપરેખા રજુ કરી હતી. તેમણે કહ્યું કે ૨૦૧૫ના વર્ષમાં ૪૯ કંપનીઓએ આ સંસ્થાના કેમ્પસ પ્લેસમેન્ટમાં જોડાઈ હતી તે ગૌરવપ્રદ ઘટના છે. ૧૨ પી.એચ.ડી., ૪૭ એમ.ટેક, ૮૭ એમ.એસ.સી. (આઈ.ટી.),

## ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યૂટનો ૧૨મો પદવીદાન સમારોહ યોજાયો : ઐમિન હૈદરને ગોલ્ડ મેડલ એનાયત

બી.ટેકના ૨૨ વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરાઈ હતી.

આ પદવીદાન સમારોહમાં બી.ટેક. (આઈસીટી)ના વિદ્યાર્થીની ઐમિન જે. હૈદરને ગોલ્ડમેડલ ઉપરાંત એમટેક એમટેકનો ફલક શાહને એમ.એસ.સી. (આઈ.ટી.) તો દિક્ષીત મનોહર સહિત અન્ય ત્રણ વિદ્યાર્થીઓને પણ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

# જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાન

**સવારે નવ વાગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પોલિયોના ટીપા પીવડાવી અભિયાનનો આરંભ કરાવશે : જિલ્લાના બે લાખથી વધુ બાળકોને આવરી લેવાશે : એક હજાર જેટલા બુથ ઉભા કરાયા છે તો સો થી વધુ મોબાઈલ ટીમો બનાવાઈ**

ગાંધીનગર, તા. ૧૬ આજે જિલ્લાભરમાં પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત બે લાખથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે નવ વાગે પોલિયોના બે ટીપાં પીવડાવી રાજ્યના આ કાર્યક્રમનો શુભારંભ કરાવશે.

પલ્સ પોલિયો અભિયાનને લઈ જિલ્લાભરમાં ૧ હજાર જેટલા બુથ ઉભા કરવામાં આવશે. જે પૈકી ૭૯૫ ગ્રામ્ય વિસ્તારમાં અને ૧૦૮ બુથ ગાંધીનગર શહેરમાં ઉભા કરવામાં આવશે.

જિલ્લામાં ૩૦થી વધુ ટ્રાન્ઝીટ ટીમો બનાવવામાં આવી છે. જે જાહેર બસસ્ટેન્ડો, ધાર્મિક સ્થળો તેમજ જાહેર મેળાવડાના સ્થાનો પર પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પલ્સ પોલિયો અભિયાનની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન સફળ થાય તે માટે ચારેય તાલુકામાં લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરાઈ છે. જેમાં દહેગામ માટે ડૉ. જયેશ સોલંકી, કલોલ માટે ડૉ. દિલીપ ઠાકર, માણસા માટે ચેતનાબેન પટેલ તથા ગાંધીનગર માટે મમતાબેન દત્તાણી સુપરવિઝન કરશે. ગાંધીનગર જિલ્લાના શહેરી વિસ્તારોમાં એડીએચઓ ડૉ. પટેલ સુપરવિઝન કરશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આર.સી.એચ.ઓ. ડૉ. પંડ્યા અને ગાંધીનગર મહાનગરપાલિકામાં ડૉ. દિનેશભાઈ બારોટ મોનીટરીંગ કરશે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧,૭૨,૦૦૦ અને ગાંધીનગર શહેરના ૨૮ હજાર બાળકોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જિલ્લાભરમાં પાંચ હજાર જેટલા આરોગ્ય કર્મીઓ આ અભિયાનમાં ફરજ બજાવશે.





